રોકાણના કડક નિયમોને કારણે લાભ નહીં મળી શક્યો

અન્યાય: 12,822 કરોડની PLI યોજનામાંથી સુરત જ બાકાત રખાયું

PLI યોજનામાં ભાગ લેવા માટે રૂ.100 કરોડથી રૂ.300 કરોડ સુધીના લઘુત્તમ રોકાણની રાખવામાં આવેલી શરતને લીધે ટેક્સટાઈલ સિટીમાં ઉદ્યોગોને કોઈ લાભ મળ્યો નહીં.

સુરતઃ દેશના સૌથી મોટા કૃત્રિમ કાપડ અને મેન-મેડ ફાઇબર આધારિત ટેક્સટાઇલ હબ તરીકે ઓળખાય છે. છતાં કેન્દ્ર સરકારની પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાના ત્રીજા રાઉન્ડમાં સુરતના ઉદ્યોગોને અપેક્ષિત લાભ ન મળતાં ઉદ્યોગ જગતમાં ચર્ચા અને ચિંતા બંને જોવા મળી રહી છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં PLI યોજનાના ત્રીજા તબક્કા હેઠળ 96 કંપનીઓ માટે કુલ રૂ.12,822.67 કરોડના આઉટલેને મંજૂરી આપી છે, જેના માધ્યમથી મેન-મેડ ફાઇબર (MMF) અને ટેકનિકલ ટેક્સટાઇલ્સ ક્ષેત્રે ઉત્પાદન, નિકાસ અને રોજગારીમાં વધારો કરવાનો હેતુ છે.

પરંતુ દેશના ટેક્સટાઇલ નકશામાં મહત્વનું સ્થાન ધરાવતા સુરતને આ યોજનાનો સીધો લાભ મળ્યો નથી. ઉદ્યોગ નિષ્ણાતો અને ટેક્સટાઇલ અગ્રણીઓના મતે તેનું મુખ્ય કારણ સુરતના ઉદ્યોગનું માળખું છે.

ડો. પંકજ ગાંધી (ડિરેક્ટર, મંત્રા) નું કહેવું છે કે, 'સુરતમાં ટેક્સચરાઇઝિંગ, વિવિંગ, પ્રોસેસિંગ, એમ્બ્રોઇડરી અને પાવરલૂમ ક્ષેત્રના હજારો એકમો કાર્યરત છે, પરંતુ મોટાભાગના એકમો MSME શ્રેણીમાં આવે છે. બીજી તરફ PLI યોજનામાં ભાગ લેવા માટે રૂ.100 કરોડથી રૂ.300 કરોડ સુધીના લઘુત્તમ રોકાણની શરત રાખવામાં આવી છે, જે સુરતના મોટા ભાગના ઉદ્યોગકારો માટે વ્યવહારિક રીતે શક્ય નથી.'

ઉદ્યોગકારોનું માનવું છે કે સુરતનો ઉદ્યોગ નાના અને મધ્યમ એકમોમાં વિખરાયેલો હોવાથી કોઈ એકમ એકલવાયે PLIની પાત્રતા પ્રાપ્ત કરી શકતો નથી. પરિણામે મોટી કોર્પોરેટ કંપનીઓને મળતા પ્રોત્સાહન સામે સુરતના પરંપરાગત વેપારીઓ અને ઉત્પાદકો સ્પર્ધામાં પાછળ રહી જવાની શક્યતા ઊભી થઈ રહી છે.

વિશ્લેષકોના જણાવ્યા મુજબ જો સુરતના ઉદ્યોગને ભવિષ્યમાં PLI જેવી યોજનાઓનો લાભ મેળવવો હોય તો ક્લસ્ટર આધારિત વિકાસ મોડલ અપનાવવું પડશે. 10થી 20 એકમો ભેગા મળીને કોન્સોર્ટિયમ અથવા સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) બનાવે અને સંયુક્ત રોકાણ કરે તો જરૂરી મૂડીરોકાણની મર્યાદા સુધી પહોંચી શકાય છે. સાથે જ માત્ર ગ્રે અને પ્રોસેસ્ડ ફેબ્રિક સુધી મર્યાદિત રહેવાના બદલે ગાર્મેન્ટિંગ સહિત સમગ્ર વેલ્યુ ચેઇન તરફ આગળ વધવું પણ સમયની માંગ બની છે.

સુરતની વિવિધ ટેક્સટાઇલ સંસ્થાઓએ કેન્દ્ર સરકાર સમક્ષ PLI યોજનામાં સુધારા કરવાની માંગણી પણ કરી છે. ઉદ્યોગ સંગઠનોનું કહેવું છે કે સુરત જેવા MSME આધારિત ટેક્સટાઇલ હબ માટે અલગ 'MSME-PLI વિન્ડો' શરૂ કરવામાં આવે અને લઘુત્તમ રોકાણની મર્યાદા રૂ. 10 કરોડથી રૂ. 25 કરોડ સુધી રાખવામાં આવે. ઉપરાંત નાના એકમોના કોન્સોર્ટિયમને એક જ એન્ટિટી તરીકે માન્યતા આપી PLI લાભ આપવા માટે ખાસ જોગવાઈ કરવી જોઈએ.

પ્રેમપ્રકરણની શંકામાં ચપ્પુના ઘા ઝીંકી યુવકની કરપીણ હત્યા

પુણા વિસ્તારમાં પાલીતાણાના કરણ વાઘેલાની હત્યા કરી ૪થી ૫ શખ્સ ફરાર

ભરબજારમાં થયેલી હત્યાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ

સુરતઃ પુણાગામ વિસ્તારમાં આવેલા તળાવ પાસે આજે ધોળા દિવસે ૪થી ૫ અજાણ્યા હુમલાખોરોએ એક યુવક પર પ્રેમ પ્રકરણની શંકામાં ચપ્પુ વડે ઉપરાછાપરી ઘા ઝીંકીને તેની ઘાતકી હત્યા કરી નાંખી હતી. મૃતક યુવકની ઓળખ કરણ વિક્રમભાઈ વાઘેલા તરીકે થઈ છે, જે મૂળ પાલીતાણાનો વતની હોવાનું સામે આવ્યું છે.

પુણાગામ તળાવ નજીકથી પસાર થઈ રહેલા ૨૫થી ૩૦ વર્ષીય કરણ વાઘેલા પર અચાનક ધસી આવેલા ૪થી ૫ ઘાતકી હુમલાખોરો તિક્ષ્ણ હથિયારો સાથે તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ કરણને ઘેરી લઈને શરીરના ભાગે ચપ્પુના અસંખ્ય ઘા ઝીંકી દીધા હતા. કરણ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડ્યો હતો સ્થાનિક લોકોએ લોહીના ખાબોચિયામાં પડેલા યુવકને જોઈ તાત્કાલિક પુણાગામ પોલીસને જાણ કરી હતી. પોલીસે ગંભીર રીતે ઘવાયેલા કરણના શબને તાત્કાલિક પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં હત્યા પાછળ પ્રેમ પ્રકરણની આશંકા સેવાઈ રહી છે.

પોલીસે મૃતકના પરિવારજનોનો સંપર્ક કરવાની તજવીજ હાથ ધરી છે. પોલીસે ગુનો નોંધી હત્યારાઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી છે.

આસપાસના સીસીટીવી ફૂટેજ ફંફોસવામાં આવી રહ્યા છે અને ગણતરીના કલાકોમાં જ આરોપીઓ જેલના સળિયા પાછળ હશે તેવો દાવો પોલીસે કર્યો છે. ભરબજારે બનેલી આ ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છે.

યુવતીનો ફોટો ઇન્સ્ટાગ્રામ પર મૂકનારને પડોશીઓએ ફટકાર્યો

પુત્રને બચાવવા પડેલી માતાના પેટમાં પણ લાતો મારી

બેડરૂમમાં કિસ કરી ફોટો સોશિયલ મીડિયા પર મૂકનાર સામે પણ ગુનો

સુરતઃ અમરોલીના સુમન વૈભવ આવાસમાં ઈન્સ્ટાગ્રામ પર ફોટો મૂકવા બાબતે પડોશીઓ વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં બંને પક્ષે સામસામે ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે બંને પક્ષ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ પ્રકરણમાં મોડી રાત્રે બંને પક્ષના લોકોની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલા ડી-૬૦૯ સુમન વૈભવ આવાસમાં રહેતા મીનાબેન હીરાભાઈ રાઠોડ (ઉ.વ. ૪૨) ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૧૦ જૂનના રોજ સવારે આશરે નવેક વાગ્યાના સુમારે મીનાબેન અને તેમનો ૨૦ વર્ષીય પુત્ર રોહન, જે વીડિયો શૂટિંગનું કામ કરે છે, તેઓ ઘરે હાજર હતા.

દરમિયાન તેમની સોસાયટીની સામે જ આવેલા રીવન્ટા સ્કેર એપાર્ટમેન્ટમાં રહેતા દિનેશભાઈ મહેન્દ્રસીંગ પ્રજાપતિ, તેમની પત્ની નેહાબેન, ભાઈ શિવાનંદ અને દીકરો ધનપ્રિત પ્રજાપતિ મીનાબેનના ઘરે ધસી આવ્યા હતા. દિનેશ પ્રજાપતિએ ઘરમાં ઘૂસી રોહનનો કાઠલો પકડી લીધો હતો અને ' કેમ મારી દીકરીનો ફોટો ઈન્સ્ટાગ્રામમાં મૂક્યો છે?' તેમ કહી મારવાનું શરુ કર્યું હતું અને વચ્ચે પડેલી માતાના પેટના ભાગે લાતો મારી હતી. અચાનક થયેલા આ હુમલાથી ગભરાઈ ગયેલા મીનાબેને તાત્કાલિક '૧૧૨' નંબર પર પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોઈ અમરોલી પોલીસની પીસીઆર વાન તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભોગ બનનાર માતા-પુત્રને પોલીસ મથકે લાવી હતી. આ અંગે અમરોલી પોલીસે ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે ચારેય હુમલાખોરો (૧) દિનેશભાઈ પ્રજાપતિ, (૨) નેહાબેન પ્રજાપતિ, (૩) શિવાનંદ પ્રજાપતિ અને (૪) ધનપ્રિત પ્રજાપતિ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે દિનેશભાઈની દીકરી રોહનના ઘરે ગઈ હતી ત્યારે તેણે તેને કિસ કરી બેડ ટચ કરેલ બાદમાં સોશિયલ મીડિયા પર તેની સાથે લીધેલો ફોટો મૂકી દીધો હતો. જેથી પોલીસે દિનેશભાઈ ફરિયાદ આધારે રોહન હીરાભાઈ રાઠોડ વિરૂદ્ધ છેડતીનો ગુનો નોંધી તપાસ આદરી છે.

પુરુષોત્તમ માસની પરમ એકાદશીએ તાપી સ્નાન

■ ગુરુવારે પવિત્ર ગણાતા અધિક મહિનાની અગિયારસ હતી. આ દિવસે નદીઓમાં સ્નાન કરવાનું મહત્વ હોવાથી તાપીમાં ભક્તોએ ડૂબકી લગાવી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

લાંચ માંગી હોવાનું તપાસમાં ખૂલતા હોમગાર્ડ સામે સાત વર્ષે ગુનો નોંધાયો

દારૂના કેસમાં ગુનો નહીં નોંધવા માટે વાતચીતની સીડીના આધારે શિવાજી ઉગલેની ધરપકડ કરી

સુરતઃ સુરત ACBએ ભ્રષ્ટાચાર સામે લાલ આંખ કરીને ઉધના રેલ્વે સ્ટેશન પર ફરજ બજાવતા એક હોમગાર્ડ વિરૂદ્ધ લાંચની માંગણી કરવાનો ગુનો દાખલ કર્યો છે. મળતી વિગતો અનુસાર, મૂળ પાંડેસરા પોલીસ સ્ટેશનના અને હાલ ઉધના રેલ્વે સ્ટેશન ખાતે નોકરી કરતા હોમગાર્ડ શિવાજી ઉર્ફે શિવા ગોરખભાઈ ઉગલેએ વર્ષ ૨૦૧૯માં પાંડેસરા ખાતે હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો.

આ દરમિયાન એક અરજદારના સહયોગીના માતા વિરૂદ્ધ નોંધાયેલા પ્રોહિબિશનના કેસમાં પતાવટ કરવા લાંચની માંગણી કરી હતી. આ અંગે વર્ષ ૨૦૧૯માં એસીબીમાં ફરિયાદ અરજી થતાં પ્રાથમિક તપાસના આદેશ અપાયા હતા. તપાસ દરમિયાન સાહેદ દ્વારા રજૂ કરવામાં આવેલી વાતચીતની સીડી (CD) ની સ્ક્રિપ્ટ, સાહેદોના નિવેદનો અને વૈજ્ઞાનિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે આરોપી હોમગાર્ડ લાંચ માંગતો હોવાનું સ્પષ્ટ સાબિત થયું હતું.

આ ચકચારી કેસમાં સુરત શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.જે. ધડુકે સરકાર તરફે ફરિયાદી બની આરોપી શિવાજી ઉગલે વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ (સુધારા) અધિનિયમ-૨૦૧૮ની કલમ-૭ તથા ૧૩(૨) મુજબ ગુનો (ગુ.ર.નં.૦૭/૨૦૨૬) દાખલ કર્યો છે.

આ ગુનાની આગળની તપાસ વલસાડ અને ડાંગ એ.સી.બી. પો.સ્ટે. ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.આર. ગામીત ચલાવી રહ્યા છે.

પેટમાં દુખાવો થયો ત્યારે ખબર પડી ૧૪ વર્ષની તરુણી ગર્ભવતી છે

પોલીસે ૧૮ વર્ષના યુવાન સામે બળાત્કારનો ગુનો નોંધી ધરપકડ કરી

સુરતઃ મગદલ્લા વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષીય સગીરાને લગ્નના વાયદા કરી પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી દેનાર આરોપી સામે ઉમરા પોલીસે ગુનો નોંધી તેની અટકાયત કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મગદલ્લા વિસ્તારમાં રહેતા એક શ્રમિક પરિવારની ૧૪ વર્ષીય પુત્રીના પિતા સ્થાનિક કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરી કામ કરે છે. આ જ સાઈટ પર રેતી-કપચી નાખવા આવતા ૧૮ વર્ષીય અમિત ભાંભોર નામના યુવકના સંપર્કમાં સગીરા છ મહિના પહેલાં આવી હતી. તેણે તેને લગ્નનો પાકો વાયદો આપ્યો હતો. વિશ્વાસમાં આવી ગયેલી કિશોરીને અમિત મગદલ્લા ખાતે પોતે જ્યાં રહેતો હતો તે રૂમ પર અવારનવાર લઈ જતો હતો અને શરીરસુખ માણતો હતો જેથી સગીરા ગર્ભવતી બની ગઈ હતી. એક દિવસ તેને અચાનક પેટમાં દુખાવો ઉપડતાં તે ગર્ભવતિ હોવાનું બહાર આવ્યું હતું. માતા-પિતાએ દીકરીને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરતાં તેણે અમિત ભાંભોર દ્વારા આચરવામાં આવેલા દુષ્કર્મની આપવીતી રડી પડતા જણાવી હતી. પરિવારે સમય ગુમાવ્યા વિના તુરંત જ ઉમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે આ મામલે કડક કલમો હેઠળ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ આરોપી અમિત ભાભોરની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

૭૦ લાખ આપો, ન હોય તો ચાર ફ્લેટ નામ પર કરો

ખંડણીખોર કરાટેબાજ સુરેશ શેટ્ટી વિરુદ્ધ પોલીસ ફરિયાદ

સુરત : સુરતના ઉધના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામની મહાનગરપાલિકામાં ખોટી અરજીઓ કરવાની ધમકી આપી બિલ્ડર પાસે રૂ. ૭૦ લાખની ખંડણી માંગવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બિલ્ડિંગ તોડાવી પાડવાની અને ફ્લેટ ધારકોને જીવવા નહીં દેવાની ધમકી આપી મિલકત પોતાના નામે કરાવવા દબાણ કરનાર સુરેશ શેટ્ટી નામના શખ્સ સામે ઉધના પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉધના અંબર કોલોની, હરીનગર-૧ ખાતે રહેતા ૫૫ વર્ષીય અબ્દુલજબ્બાર અબ્દુલમજીદ ચૌહાણ કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે ગઈકાલે ઉધના પોલીસ મથકમાં દિનદયાળ એપાર્ટમેન્ટમાં રહેતા સુરેશ કૃષ્ણા શેટ્ટી વિરૂદ્ધ ખંડણીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી સુરેશ શેટ્ટી છેલ્લા કેટલાક સમયથી બિલ્ડર અબ્દુલજબ્બારને તેમનું બાંધકામ ગેરકાયદે હોવાનું કહી સુરત મહાનગરપાલિકામાં તેની ખોટી અરજીઓ કરી બિલ્ડિંગ તોડાવી પાડવાની ધમકીઓ આપતો હતો. તેણે બિલ્ડરને ધમકી આપી હતી કે, ડિમોલિશનથી બચવું હોય તો રૂ. ૭૦ લાખ રોકડા આપવા પડશે. જો રોકડા રૂપિયા ન હોય તો એપાર્ટમેન્ટના ચાર ફ્લેટ દસ્તાવેજ કરી તેના નામે ટ્રાન્સફર કરી દેવા પડશે. આટલેથી ન અટકતા, આરોપી બિલ્ડિંગમાં રહેતા નિર્દોષ ફ્લેટ હોલ્ડરોને પણ અવારનવાર ધમકાવતો હતો અને તેમને શાંતિથી જીવવા નહીં દેવાની ધમકીઓ આપતો હતો. બિલ્ડરની ફરિયાદના આધારે ઉધના પોલીસે આરોપી સામે ખંડણીનો ગુનો દાખલ કર્યો હતો.

રિંગ રોડની સાંઇ દર્શન માર્કેટના વેપારીઓ ઉઠમણું કરી રફુચક્કર

જોબવર્ક કરાવી ત્રણ વેપારીઓને રૂ. ૩૭.૨૭ લાખનું ફુલેકું ફેરવ્યું

દલાલની મધ્યસ્થીથી સાડી પર કામ કરાવ્યા બાદ ચૂકવણું ન કર્યું:દુકાન-મોબાઈલ બંધ કરી ભાગી છૂટ્યા

નાના વરાછાના વેપારી સહિત અન્ય ભોગ બનનારાઓએ સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

સુરતઃ રિંગરોડ પર આવેલી જાણીતી સાંઈ દર્શન ટેક્સટાઈલ માર્કેટમાં વધુ એક આવો જ ચકચારી મામલો પ્રકાશમાં આવ્યો છે.

મૂળ ભાવનગરના પાલીતાણાના વતની અને હાલ સુરતના નાના વરાછા ખાતે ગીરનાર સોસાયટીમાં રહેતા સત્યપાલસિંહ સહદેવસિંહ ગોહીલ (ઉ.વ.૩૨) પુણાગામની આઈએફએમ માર્કેટમાં 'રૂદ્રા ફેશન ફર્મ' નામે સાડી પર જોબવર્કનો વ્યવસાય કરે છે.

જાન્યુઆરી ૨૦૨૬થી મે ૨૦૨૬ દરમિયાન કાપડ દલાલ સુરેશ ઓધાભાઈ લાખણકીયા (રહે. ભોળાનાથનગર, લસકાણા) મારફતે તેમનો સંપર્ક રિંગરોડની સાંઈ દર્શન ટેક્ષટાઈલ માર્કેટમાં દુકાન ધરાવતી 'મેસર્સ જય જીન ફેબ'ના માલિક નિતેશ સાવરમલ અગ્રવાલ અને વિશાલ શર્મા સાથે થયો હતો

આરોપીઓએ સત્યપાલસિંહ પાસે સાડીઓ પર જોબવર્ક કરાવી રૂ. ૨,૪૨,૦૦૦નું પેમેન્ટ બાકી રાખ્યું હતું. આ ઉપરાંત, આ જ ટોળકીએ માર્કેટના અન્ય બે વેપારીઓને પણ વિશ્વાસમાં લઈ તેમની પાસેથી કુલ રૂ. ૩૪,૮૫,૩૫૩નું જોબવર્ક કરાવી લીધું હતું.આમ, ત્રણેય વેપારીઓનું કુલ મળીને રૂ. ૩૭,૨૭,૩૫૩નું જોબવર્કનું કામ પૂરું થઈ ગયા બાદ જ્યારે પેમેન્ટ ચૂકવવાનો સમય આવ્યો ત્યારે આરોપીઓએ વાયદાબાજી શરૂ કરી હતી.

ત્યાર બાદ અચાનક જ નિતેશ અગ્રવાલ અને વિશાલ શર્મા પોતાની દુકાનને તાળાં મારી, મોબાઈલ ફોન બંધ કરી ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. છેતરાયા હોવાની પાકી આશંકા જતાં વેપારીઓએ પોલીસનો આશરો લીધો હતો. સલાબતપુરા પોલીસે દલાલ સહિત ત્રણેય ઠગબાજો સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

વેસુમાં ભારે પવનને કારણે કદાવર વૃક્ષ ધરાશાયી, ત્રણ કાર દબાઈ

ફાયર બ્રિગેડે તાત્કાલિક કાર્યવાહી કરી વૃક્ષ હટાવ્યું, મોટી દુર્ઘટના ટળી

સુરતઃ શહેરના વેસુ વિસ્તારમાં ગુરુવારે વહેલી સવારે ફૂંકાયેલા જોરદાર પવનના કારણે એક કદાવર અને ઘટાદાર વૃક્ષ ધરાશાયી થતાં ત્રણ કાર તેના નીચે દબાઈ જવાની ઘટના બની હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ કારોને નુકસાન પહોંચ્યું હતું. ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીના કારણે વૃક્ષને હટાવી પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વેસુ ફાયર સ્ટેશનની પાછળ આવેલી મુક્તાનંદ સોસાયટી નજીક આજે સવારે આશરે 6 વાગ્યાના અરસામાં અચાનક જ એક મોટું વૃક્ષ જોરદાર પવનના કારણે જમીનદોસ્ત થઈ ગયું હતું. વૃક્ષ નીચે પાર્ક કરેલી ત્રણ કાર દબાઈ જતાં સ્થાનિકોમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવ અંગે ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા વેસુ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. વેસુ સબ ફાયર ઓફિસર રોહિત ખલાસીએ જણાવ્યું હતું કે કોલ મળતા જ ટીમ ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિનું નિરીક્ષણ કરીને બચાવ તથા રાહત કામગીરી શરૂ કરી હતી. ફાયર જવાનોએ વિશેષ સાધનોની મદદથી વૃક્ષની મોટી ડાળીઓનું ટ્રિમિંગ કરી ધીમે ધીમે આખું વૃક્ષ હટાવ્યું હતું. ત્યારબાદ વૃક્ષ નીચે દબાયેલી કારોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી. સદનસીબે ઘટના સમયે કોઈ વ્યક્તિ વૃક્ષની નજીક ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. સ્થાનિક રહિશોમાં ફાયર બ્રિગેડની ઝડપી કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.

રૂપિયા ૬.૫૫ કરોડની ઠગાઇ કેસમાં જામીન અરજી નામંજૂર

સુરતઃ રૂપિયા ૬.૫૫ કરોડના પ્લાસ્ટિકના દાણાંની છેતરપિંડી કેસમાં રાજકોટના આરોપી વેપારી ઉત્તમકુમાર નાથાભાઈ ભગીયાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. અઠવા પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદમાં આરોપી ઉત્તમકુમારની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ જામીન મુક્ત થવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ કેસની તપાસ કરતા આર્થિક ગુન્હા નિવારણ શાખાનાં પીઆઈ કે એમ છાસીયાએ જામીન અરજીની વિરુદ્ધમાં કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું હતું. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ જામીન અરજીનો વિરોધ કરતી દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો-રજૂઆત સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યાનુસાર આ કેસનો મુખ્ય સુત્રધાર કરણ જાગાણી ફરાર છે. આ કેસમાં ૧૩ જેટલાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

આજે બાળમજૂરી વિરોધ દિવસ રાજસ્થાનના દક્ષિણ ટ્રાયબલ બેલ્ટમાંથી સાડી પર વર્ક માટે બાળ મજૂરોને લાવવામાં આવે છે

સુરતમાં બાળકો પાસે 12 કલાક મજૂરી કરાવાય છે

સુરતમાં જ્યાં બાળકો પાસે ગેરકાયદે સાડી પર વર્ક કરાવાય છે તે રૂમને બહારથી તાળાં મારવામાં આવે છે

બાળમજૂરીના વધતા ચલણનાં આ કારણો છે

(1) જેમના માતા-પિતા નહીં હોય તેવા બાળકોને શોધવા માટે વચેટિયાઓનું નેટવર્ક છે.
(2) જેમના માતા-પિતા હોય પરંતુ બાળકોનું ભરણપોષણ નહીં થઇ શકતું હોય તેવા ઇઝી ટારગેટ શોધવામાં આવે છે.
(3) માતા-પિતા જીવીત હોય પરંતુ બાળકોની સંખ્યા વધારે હોય તેવા મા-બાપને સમજાવવામાં આવે છે.
(4) 2-3 મહિના શાળામાં વેકેશન હોય ત્યારે થોડા સમય માટે પૈસાની લાલચ અપાઇ છે જેમાંથી કેટલાક મજૂરીમાં જ લાગી જાય છે.

સુરત : આજે વિશ્વમાં બાળકો પાસે કરાવાતી મજૂરીની બાળમજૂરી દિવસની ઉજવણી કરવામાં આવશે. ત્યારે સૌથી કરુણ બાબત એ છે સુરતના ટેક્સટાઈલના ઉદ્યોગપતિઓ મોંઘીદાટ કારોમાં ફરે છે અને ભવ્ય બંગલાઓમાં ફરે છે તેમાં બાળકોનો પરસેવો પડેલો હોય છે. ત્યારે એક એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે, જ્યાં બાળમજૂરી કરાવતી હોય તેમને તેમણે જોબવર્ક નહીં આપવું જોઈએ. એક મહિના પહેલા જ ગાયત્રી સંસ્થાન અને ઉદયપુર પોલીસે પૂણા વિસ્તારમાંથી 94 બાળશ્રમિક છોડાવ્યા હતાં. જેમાં માત્ર સાત વર્ષના બાળક પાસે પણ કાળીમજૂરી કરાવવામાં આવતી હતી.

આ અંગે ગાયત્રી સંસ્થાન સાથે સંકળાયેલા અને ઉદયપુર નિવાસી શૈલેન્દ્ર પંડ્યાએ જણાવ્યું હતું કે, તેમની ટીમને જ્યારે સુરતમાં ચાલતી બાળમજૂરીની જાણકારી મળી તો ત્યાં રેકી કર્યા બાદ ઉદયપુર પોલીસ અને સુરત પોલીસની મદદથી બાળકોને છોડાવવામાં આવ્યા હતાં. અહીં એક રૂમમાં બહારથી તાળું હતું પરંતુ માહિતી ચોક્કસ હોવાથી સાડી અને કોથળીથી પેક કરેલી એક બારી કાપીને તપાસ કરી તો તેમાં સાડીઓની વચ્ચે બાળકો દેખાયા હતાં. જેથી દરવાજો તોડીને તપાસ કરતાં અંદરથી 15 બાળક મળી આવ્યા હતાં. સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે, અહીં સવારે સાત વાગ્યે બાળકોને રૂમમાં મૂકીને કામ સોંપી દેવાતું હતું અને બહારથી રૂમને તાળું મારી દેવામાં આવતું હતું. કેટલાક બાળકોને જમવાનો ડબ્બો ભરીને આપવામાં આવતો હતો જ્યારે કેટલીક વખત બપોરના સમયે બાળમજૂરી કરાવનારા ટિફિન લઈને આવતા હતાં. સવારે સાત થી રાત્રે 8 વાગ્યા સુધી તેમની પાસે મજૂરી કરાવાતી હોવાનો ખુલાસો પણ થયો હતો.

જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (DEOC), કલેક્ટર કચેરી, વલસાડ,૩૯૬૦૦૧
ફોન નંબર (૦૨૬૩૨) ૨૪૩૨૩૮/૨૪૦૨૧૨, Email id-dismgmt-val@gujarat.gov.in

વોક ઈન ઈન્ટરવ્યુ

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત માટે રાજ્યની મહાનગરપાલિકા કચેરી ખાતે જીલ્લા પ્રોજેક્ટ ઓફિસર (પીઓ)ની (૧) જગ્યા માટે નવ રચિત વાપી મહાનગરપાલિકા માટે નીચેની વિગતે પાત્રતા ધરાવતા ઉમેદવારોને વોક ઈન ઈન્ટરવ્યુ માટે આયોજન કરવામાં આવ્યું છે.

ક્રમ	જગ્યાનું નામ	શૈક્ષણિક લાયકાત	અનુભવ	માસિક એકત્રિત મહત્તમ પગાર	મહત્તમ વય મર્યાદા
૧	પ્રોજેક્ટ ઓફિસર વાપી મહાનગરપાલિકા	માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW) લગુત્તમ ૭૦% અથવા તે મુજબનો ગ્રેડ સાથે ઉતિર્ણ થયેલ અને કોમ્પ્યુટર નાં જ્ઞાન સહીત ડીગ્રી/ડીપ્લોમાં/સર્ટીફીકેટ કોર્સ ડીગ્રી/ડીપ્લોમાં/સર્ટિફિકેટ કોર્સ ડીગ્રી/ડીપ્લોમાં ઇન ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઈચ્છનીય	૧) સરકારી/બિનસરકારી સંસ્થામાં કામગીરીનો ત્રણ વર્ષનો અનુભવ ૨) ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન. 3) ડીઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રના અનુભવને પ્રાધાન્ય આપવામાં આવશે.	૨૦,૦૦૦/- +૫,૦૦૦/- ---------- ૨૫,૦૦૦/-	૩૫ વર્ષ

લાયકાત ધરાવતા ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ અને ડીગ્રી સર્ટીફિકેટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર (L.C), આધાર કાર્ડ/ઓળખપત્ર,કોમ્પ્યુટર જ્ઞાન અંગેનું પ્રમાણપત્ર તથા અનુભવના પ્રમાણપત્રો વગેરે અસલ ડોક્યુમેનટ્સ તથા તે તમામ ડોક્યુમેનટ્સની ૦૨(બે) સ્વપ્રમાણિત નકલો તથા ૦૨ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે તા-૧૯/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી સવારે ૧૧:૦૦ કલાક સુધીના સમયમાં વોક ઈન ઈન્ટરવ્યુ રજીસ્ટ્રેશન માટે જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (DEOC), કલેક્ટર કચેરી,નવી જીલ્લા પંચાયત કચેરીની બાજુમાં વલસાડ ખાતે સભાખંડ ખાતે ફરજીયાત રૂબરૂ હાજર રહેવાનું રહેશે.નિયત સમય દરમિયાન કચેરી ખાતે રૂબરૂ હાજર રહી નમુના મુજબ ફોર્મમાં વિગત ભરી રજીસ્ટ્રેશન કરાવેલ તથા યોગ્ય લાયકાત અંગેના ડોક્યુમેનટ્સનું વેરીફેકેશન સફળતાપૂર્વક પુર્ણ કરાવેલ ઉમેદવારોનું જ ઈન્ટરવ્યું સવારે ૧૧:૦૦ કલાકથી કલેક્ટર કચેરી ખાતે સભાખંડમાં શરૂ કરવામાં આવશે, અન્ય કોઇપણ ઉમેદવારને ઈન્ટરવ્યુંમાં પ્રવેશ આપવામાં આવશે નહી. ડોક્યુમેનટ્ વેરીફીકેશન સમયે જો ઉમેદવાર પાસે નિર્દિષ્ટ કરેલા અસલ પ્રમાણપત્રો (Original Certificate) સાથે હાજર નહિ હોય તો તેમને તે જ સમયે ગેરલાયક (Disqualify) ઠેરવવામાં આવશે અને ઈન્ટરવ્યુ પ્રકિયામાં સામેલ કરવામાં આવશે નહિ. તથા આ બાબતે કોઇપણ પ્રકારની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ઉમેદવારને કોઇપણ પ્રકારનું મુસાફરી ભથ્થું (TA/DA) આપવામાં આવશે નહિ. આ પ્રક્રિયા અંગેના તમામ આખરી અધિકારો ઉમેદવાર પસંદગીના હસ્તક અબાધિત રહેશે. તથા ઉમેદવાર પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી ગણાશે અને તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.આ બાબતે કોઇપણ ઉમેદવારનો કોઇપણ પ્રકારનો હક દાવો કે તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. પસંદગી પામેલ ઉમેદવારે તાત્કાલિક ફરજ વાળી જગ્યા ઉપર હાજર થવાનું રહેશે.

(નિતિન સાંગવાન)
કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

માહિતી/વલસાડ/૧૫૯/૨૦૨૬